રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (Covid-19)ની કામગીરીમાં ફરજ બજાવતાં Covid-19ના સંક્રમણને કારણે અવસાન પામેલા કોરોના વોરિયર્સના કુંટુંબીજનોને આવકની મર્યાદા ધ્યાને લીધા વિના મુખ્યમંત્રી અમૃતમ મા વાત્સલ્ય યોજનાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૨૦-૧૩૫૦-બ.૧
સચિવાલય ગાંધીનગર.
તા. ૦૯/૧૦/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/03/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧.

(૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭/03/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧.

(૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૮/૦૨/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧ બ-પા-૧-બ-૧.

(૯) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીનો તા.૧૦/૦૮/૨૦૨૦નો પત્રાંક:- મુમક/વીઆઇપી/૨૭૫૪૧

(૧૦) કમિશનરશ્રી, આરોગ્યની તા.૦૮/૦૯/૨૦૨૦ની સીંગલ ફાઇલ ઉપરની નોંધ

આમુખ:-

ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક:- (૧) થી (૮) ના ઠરાવોથી ગુજરાત સરકારે ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) ને ગંભીર બિમારીઓ માટે કેશલેસ સારવાર મળી રહે અને આર્થિક

રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા અને મધ્યમ વર્ગનાં પરિવારોને મદદરૂપ થવાના હેતુથી " મુખ્યમંત્રી અમૃતમ મા યોજના " અને " મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના" અમલી કરેલ છે.

ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ (૯) ના પત્રની વિગતે માનનીય મુખ્યમંત્રીશ્રીના નિવાસ સ્થાને યોજાયેલ "મુખ્યમંત્રી સાથે મોકળા મને" કાર્યક્રમમા COVID-19 ની કામગીરીમાં ફરજ બજાવતા COVID-19 સંક્રમણને કારણે અવસાન પામેલા કર્મચારીઓના (કોર્પોરેશનના કર્મચારી સહિતના) કુટુંબીજનો સાથે યોજાયેલ "ઋણ સ્વીકાર" કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા અવસાના પામેલા કોરોના વોરીયર્સના કુટુંબીજનોને આવકની મર્યાદા ધ્યાને લીધા વિના મુખ્યમંત્રી અમૃતમ મા વાત્સલ્ય યોજનાનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવેલ છે. જેના અનુસંધાને અવસાન પામેલા કોરોના વોરીયર્સના કુટુંબીજનોને આવકની મર્યાદા ધ્યાને લીધા વગર મુખ્યમંત્રી અમૃતમ મા વાત્સલ્ય યોજનાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

આથી પુખ્ત વિચારણાને અંતે COVID-19 ની કામગીરીમાં ફરજ બજાવતા COVID-19થી અવસાન પામેલા કર્મચારીઓના (કોર્પોરેશનના કર્મચારી સહિતના) કુટુંબીજનોને આવકની મર્યાદા ધ્યાને લીધા વિના નીચેની વિગતે મુખ્યમંત્રી અમૃતમ મા વાત્સલ્ય યોજનાનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

લાભાર્થી કુટુંબની પાત્રતા:-

- ગુજરાત રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓનાં ભાગરૂપે કોરોના વોરિયર્સ તરીકે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ સરકારી / મ્યુનિસિપલ કોર્પોરેશન / નગરપાલિકા / સરકારની ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ, વિગેરેના કર્મચારી / અધિકારીના (પોલીસકર્મી, સફાઇકર્મી અને આરોગ્યકર્મી) દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત પરિવારજનો.

લાભ:-

- યોજના હેઠળ નિયત પ્રોસિજર્સ માટે કુટુંબ દીઠ વાર્ષિક રૂ. ૫ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) સુધીની કેશલેશ આરોગ્ય સહાય.

લાભ મેળવવા માટેની પ્રક્રિયા:-

- મુખ્યમંત્રી મુખ્યમંત્રી અમૃતમ મા વાત્સલ્ય યોજના હેઠળનું કાર્ડ કઢાવવા માટે કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે અવસાન પામેલ પોલીસકર્મી / સફાઇકર્મી / આરોગ્યકર્મીના પરિવારજનોએ કોરોના વોરિયર્સના સબંધિત વિભાગ/ કચેરીના વડાએ પ્રમાણિત કરેલ ફોટો સહિતનું કોરોના વોરિયર્સ તરીકેનું પ્રમાણપત્ર, પરિવારજનોનું રાશન કાર્ડ, ઓળખનો પુરાવો, વિગેરે રજુ કરવાનું રહેશે. ત્યારબાદ વેરિફાઇંગ ઑથોરિટી ધ્વારા આશ્રિતોનું વેરિફિકેશન કરી લાભાર્થી પરિવારને સ્થાપિત કિઓસ્ક પરથી "મુખ્યમંત્રી અમૃતમ મા વાત્સલ્ય યોજના" નું કાર્ડ આપવામાં આવશે, જેમાં આવકની મર્યાદાની જરૂર રહેશે નહી.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૦૭/૧૦/૨૦૨૦ના રોજ મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ દ. પટેલ)
સેકશન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧ સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૨ સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, (તબીબી સેવા), આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ / અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ (આરોગ્ય અને તબીબી સેવાઓ)
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ-૨૦૨૦
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦ / શાખા સંગ્રહ